પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૭૦ | ૨૦ મે, ૨૦૨૩, શનિવાર; જેઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# ૨૦૦૦ની નોટ ચલણમાંથી પાછી ખેંચાઈ

## મોદી સરકારનો વધુ એક આંચકા સમાન નિર્ણય : બેંકમાં બદલી શકાશે : જો કે, તેનો અર્થ એ નથી કે રૂ. ૨૦૦૦ની નોટની માન્યતા સમાપ્ત થઈ જશે, હાલ નોટો ફરતી રહેશે, RBIની બેંકોને ૨૦૦૦ની નોટ ન આપવાની સલાહ

નવી દિલ્હી, તા.૧૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે હવે ૨,૦૦૦ રૂપિયાની બેંક નોટ છાપવામાં આવશે નહીં. પરંતુ જો તમારી પાસે હોય તો ગભરાવાની જરૂર નથી. આ કાનૂની ટેન્ડર તરીકે ચાલુ રહેશે. આ નોટો તમે બેંકમાં જઈને એક્સચેન્જ કરાવી શકો છો. આરબીઆઈએ શુક્રવારે એક રિલીઝમાં કહ્યું કે ૨,૦૦૦ રૂપિયાની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.પરંતુ તે લીગલ ટેન્ડર તરીકે ચાલુ રહેશે. ૨૦૦૦ રૂપિયાની આ નોટ નવેમ્બર ૨૦૧૬માં રજૂ કરવામાં આવી હતી. જો કે, તેનો અર્થ એ નથી કે રૂ. ૨૦૦૦ની નોટની માન્યતા સમાપ્ત થઈ જશે. હાલ ૨૦૦૦ રૂપિયાની નોટો ફરતી રહેશે.આરબીઆઈએ બેંકોને ૨૦૦૦ રૂપિયાની નોટ ન આપવાની સલાહ આપી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (ઈંઈં) એ ચલણમાંથી રૂ. ૨,૦૦૦ મૂલ્યની નોટો પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. જો કે, નોટો કાનૂની ટેન્ડર તરીકે ચાલુ રહેશે, કેન્દ્રીય બેંકે શુક્રવારે એક પરિપત્રમાં જણાવ્યું હતું.



આરબીઆઈએ બેંકોને તાત્કાલિક અસરથી ૨,૦૦૦ રૂપિયાની નોટો જારી કરવાનું બંધ કરવાની સલાહ આપી છે. શુક્રવારે એક પરિપત્રમાં, કેન્દ્રીય બેંકે કહ્યું કે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ પહેલા તમામ ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટો બદલવી આવશ્યક છે.

"સમયબદ્ધ રીતે કવાયત પૂર્ણ કરવા અને જનતાના સભ્યો માટે પર્યાપ્ત સમય પૂરો પાડવા માટે, તમામ બેંકો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી રૂ. ૨૦૦૦ની નોટ માટે ડિપોઝિટ અને/અથવા એક્સચેન્જની સુવિધા પૂરી પાડશે," એમ આરબીઆઈના પરિપત્રમાં જણાવાયું છે.

પરિપત્ર આગળ જણાવે છે કે, "આરબીઆઈ એક્ટ, ૧૯૩૪ની કલમ ૨૪(૧) હેઠળ મુખ્યત્વે તમામ તે સમયે રૂ.૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો ચલણમાં હતી તેને કાનૂની ટેન્ડર સ્થિતિ પાછી ખેંચી લીધા પછી અર્થતંત્રની ચલણની જરૂરિયાતને ઝડપી રીતે પૂરી કરવા માટે નવેમ્બર ૨૦૧૬માં રૂ. ૨૦૦૦ મૂલ્યની બૅંક્નોટ રજૂ કરવામાં આવી હતી. જ્યારે અન્ય મૂલ્યોની બૅંક્નોટ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થઈ ત્યારે ૨૦૦૦ રૂપિયાની બૅંક્નોટ રજૂ કરવાનો ઉદ્દેશ પૂરો થઈ ગયો હતો. તેથી ૨૦૧૮-૧૯માં રૂપિયા ૨૦૦૦ની બૅંક્નોટનું પ્રિન્ટિંગ બંધ કરવામાં આવ્યું હતું."

આ પગલાને સમજાવતા, આરબીઆઈએ કહ્યું, "૨૦૦૦ મૂલ્યની બેંકનોટમાંથી લગભગ ૮૯% માર્ચ ૨૦૧૭ પહેલા જારી કરવામાં આવી હતી અને તે ૪-૫ વર્ષના અંદાજિત જીવનકાળના અંતે છે. ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ ચલણમાં રહેલી આ બૅંક્નોટોનું કુલ મૂલ્ય ૬.૭૩ લાખ કરોડ રૂપિયા (સર્ક્યુલેશનમાં રહેલી નોટોના ૩૭.૩%)ની ટોચેથી ઘટીને ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ

● અનુસંધાન પાન-૭ પર

## હવે ટ્વીટર પર બે કલાકના વીડિયો અપલોડ કરી શકાશે

વોશિંગ્ટન, તા.૧૯

જ્યારથી ટ્વિટરના માલિક બન્યા છે ત્યારથી જ તેમણે એક પછી એક ઘણા મોટા ફેરફાર કર્યા છે. જુના કર્મચારીઓને કાઢી નાખ્યા નવા કર્મચારીઓની ભરતી કરી, બ્લ્યુ ટીક કાઢ્યું, બ્લ્યુ ટીક પાછું શરૂ કર્યું, અગાઉ બ્લોક કરવામાં આવેલા અનેક મહાનુભાવોના ટ્વીટર એકાઉન્ટ ફરીથી કાર્યરત કર્યા, સબસ્ક્રીપ્શન ચાલુ કર્યુંપ. વગેરે વગેરેપ ટ્વીટર ના ફેરફારોની યાદી તો અનંત છે.

હવે ટ્વીટરના માલિક મસ્કે અત્યાર સુધીની સૌથી મોટી અને ચોકાવનારની જાહેરાત કરી છે મસ્કેટ ટ્વીટ કરીને જણાવ્યું છે કે હવે ટ્વીટર પર બે કલાકના વીડિયો અપલોડ કરી શકાશે. મતલબ

● અનુસંધાન પાન-૭ પર

## હિંડનબર્ગ કેસમાં તપાસ સમિતિની અદાણીને ક્લિનચિટ

### અદાણી સામે હિંડનબર્ગના ખુલાસા પર સેબી દ્વારા વધુ તપાસની ભલામણ : રિપોર્ટ બાદ અદાણીનો રિટેલ હિસ્સો વધ્યો છે, રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્તમાન નિયમો કે કાયદાનું પ્રથમ દ્રષ્ટીએ કોઈ ઉલ્લંઘન જોવા મળ્યું નથી

નવી દિલ્હી, તા.૧૯

અદાણી-હિંડનબર્ગ કેસની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિનો રિપોર્ટ શુક્રવારે જાહેર કરાયો. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ અમેરિકન શોર્ટ-સેલિંગ ફર્મ હિંડનબર્ગે અદાણી ગ્રૂપની કંપનીઓ અંગે એક અહેવાલ બહાર પાડી કંપનીના શેરોની કિંમતને ઓવરવેલ્યૂ તથા એકાઉન્ટમાં ગરબડ કરાઈ હોવાનો આરોપ મૂક્યો હતો.

જોકે હિંડનબર્ગના આરોપોને અદાણી જૂથે ફગાવી દીધા હતા. પરંતુ વિપક્ષે આ મુદ્દે હોબાળો મચાવ્યો અને જ્યારે

● અનુસંધાન પાન-૭ પર



## પ્રશાંત મહાસાગરમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ

### સુનામીનો ભય, એલર્ટ જારી : ઓસ્ટ્રેલિયાના હવામાનશાસ્ત્ર બ્યુરોએ જણાવ્યું હતું કે તેના પૂર્વ કિનારે આવેલા લોર્ડ હોવ ટાપુ માટે ખતરો છે

નવી દિલ્હી, તા.૧૯

પ્રશાંત મહાસાગરમાં ૭.૭ની તીવ્રતાના ભૂકંપથી આસપાસના ટાપુ અને ખંડીય વિસ્તારોમાં સુનામીનું જોખમ વધી ગયું છે, જેના માટે સ્થાનિક સરકારે પણ એલર્ટ જાહેર કર્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) એ જણાવ્યું હતું કે ભૂકંપ ૧૦ કિમી (૬.૨૧ માઈલ) ની ઊંડાઈએ આવ્યો હતો. યુ.એસ. સુનામી ચેતવણી પ્રણાલીએ જણાવ્યું હતું કે તેણે ન્યુ કેલેડોનિયા, ફિજી અને વનુઆતુના વિસ્તારોમાં સંભવિત સુનામીની ચેતવણી આપી હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) એ જણાવ્યું હતું કે ન્યૂ કેલેડોનિયા નજીક ભૂકંપ ૩૮ કિમી (૨૪ માઈલ) ની ઊંડાઈએ આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાના હવામાનશાસ્ત્ર બ્યુરોએ જણાવ્યું હતું કે તેના પૂર્વ કિનારે આવેલા લોર્ડ હોવ ટાપુ માટે ખતરો છે. ન્યુઝીલેન્ડે કહ્યું કે તે હજુ પણ મૂલ્યાંકન કરી રહ્યું છે કે શું ભૂકંપને કારણે તેના દરિયાકાંઠે સુનામીનો કોઈ ખતરો છે.

## સિદ્ધારમૈયાની કેબિનેટમાં ૨૧ પ્રધાનો શપથ લેશે

### કર્ણાટકમાં પ્રધાનોની પસંદગી જ્ઞાતિ આધારે થઈ શકે છે : શપથ ગ્રહણ સમારોહ આજે બપોરે ૧૨:૩૦ કલાકે બેંગલુરુના કાંતિરવા સ્ટેડિયમમાં યોજાશે

બેંગલુરુ, તા.૧૯

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ભવ્ય જીત પછી મુખ્ય પ્રધાનની પસંદગીનું કોકડું ઉકેલાયું છે, પણ આ જીતથી કોંગ્રેસે વિપક્ષને મેસેજ આપી દીધો છે આ તો ફક્ત ટ્રેલર છે પણ વાસ્તવમાં ટકકર તો લોકસભાની ચૂંટણીમાં થશે. ચૂંટણી જીત્યા પછી બે જૂથ (સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર)ને એક કરવામાં કોંગ્રેસ હાઈ કમાન્ડને ખાસ્સી મહેનત કરવી પડી છે, પણ એમાં પોતાનું હિત સાધી લેવામાં આવ્યું છે. બીજું આવતીકાલની કેબિનેટમાં પ્રધાનોની પસંદગી પણ જ્ઞાતિ આધારે થાય તો નવાઈ થશે નહિ અને એનું કારણ પણ આગામી લોકસભાની ચૂંટણી છે. કર્ણાટકમાં સિદ્ધારમૈયા સરકારનો શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે બપોરે ૧૨:૩૦ કલાકે બેંગલુરુના કાંતિરવા સ્ટેડિયમમાં યોજાશે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધારમૈયા સહિત ૨૧ વિધાનસભ્ય પ્રધાન તરીકે શપથ લઈ શકે છે. તે પહેલા પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા દિલ્હી જઈ રહ્યા છે. દિલ્હી જતા પહેલા ડીકે શિવકુમારે કહ્યું કે તેઓ પ્રધાનોના નામ અને શપથગ્રહણની તૈયારીઓ અંગે ચર્ચા કરશે. ફક્ત સીએમની ખુરશી માટે જે ડ્રામા ચાલતો હતો તે પૂરો થઈ ગયો હવે પ્રધાનમંડળની પસંદગીમાં કોઈ અવરોધ આવે નહિ એની તકેદારી રાખવામાં આવશે. હાલમાં તો વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયા કર્ણાટકના નવા સીએમ હશે, જ્યારે પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમાર તેમના નાયબ હશે. શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે બપોરે સાડા બાર વાગ્યે બેંગલુરુના કંતીરવા સ્ટેડિયમમાં યોજાશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધારમૈયા સહિત ૨૧ વિધાનસભ્ય આવતીકાલે પ્રધાન તરીકે શપથ લઈ શકે છે, એવું સૂત્રોએ જણાવ્યુ હતું.



આવતીકાલના શપથ ગ્રહણમાં કાં તો તમામ પ્રધાન એકસાથે શપથ લેશે અથવા તો તેમાંથી બારને આવતીકાલે અને બાકીના પછીથી શપથ લઈ શકે છે. કર્ણાટક કેબિનેટમાં સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર બંને જૂથનું ધ્યાન રાખવામાં આવી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જમીર અહેમદ ખાન અને એચસી મહાદેવપ્પા જેવા વિધાનસભ્યો સિદ્ધારમૈયાના કેમ્પના છે, જ્યારે લક્ષ્મી

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં કરોડપતિઓની સંખ્યા પાંચ વર્ષમાં બમણી થશે

### નાઈટ ફ્રેન્ક વેલ્થ રિપોર્ટ ૨૦૨૩ એ દાવો કર્યો : ૨૦૨૭ સુધીમાં દેશમાં હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સની સંખ્યા ૧૬ લાખને વટાવશે

વોશિંગ્ટન, તા.૧૯

નાઈટ ફ્રેન્ક વેલ્થ રિપોર્ટ ૨૦૨૩ એ દાવો કર્યો છે કે, ભારતમાં કરોડપતિઓની સંખ્યા પાંચ વર્ષમાં બમણી થશે અને અબજોપતિઓની સંખ્યા દોઢ ગણી થશે. ૨૦૨૭ સુધીમાં દેશમાં હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સની સંખ્યા ૧૬ લાખને વટાવી જશે. એટલે કે, જેમની નેટવર્થ ૧ મિલિયન ડોલર કે તેથી વધુ છે તેમની સંખ્યા વધીને ૧.૬ મિલિયન ડોલર થશે. ૨૦૨૨ સુધીમાં દેશમાં આવા લોકોની સંખ્યા ૭.૯૭ લાખ થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, પાંચ વર્ષમાં અમીર લોકોની સંખ્યામાં ૧૦૮ ટકાનો વધારો થશે. રિપોર્ટ અનુસાર, ભારતના અતિ-ઉચ્ચ નેટ-વર્થ વ્યક્તિઓ, જેમની પાસે ૩૦ મિલિયન ડોલરથી વધુની નેટવર્થ છે, ૨૦૨૭ સુધીમાં ૫૮.૪% વૃદ્ધિ પામશે. ૨૦૨૭ માં, દેશમાં ૩૦ મિલિયનથી વધુની નેટવર્થ ધરાવતા ૧૯,૧૧૯ લોકો હશે. ૨૦૨૨ સુધીમાં દેશમાં આવા લોકોની સંખ્યા ૧૨,૦૬૯ છે. જ્યારે ભારતમાં અબજોપતિઓની સંખ્યા ૨૦૨૭ સુધીમાં ૧૬૧થી વધીને ૧૯૫ થઈ જશે. ૨૦૨૨ માં, હાઈ-નેટ-વર્થ વાળા વ્યક્તિઓનો વિશ્વમાં ૩.૮ ટકાનો ઘટાડો થવાનો અંદાજ હતો. જ્યારે ૨૦૨૧માં ૯.૩ટકાનો વધારો નોંધાયો હતો. આર્થિક મંદી, અવારનવાર દરમાં વધારો અને વધતી ભૌગોલિક અને રાજકીય અનિશ્ચિતતાઓ દ્વારા શ્રીમંતોની સંપત્તિ અને રોકાણ પોર્ટફોલિયોને અસર થઈ હતી. આ સ્થિતિ ભારતમાં પણ જોવા મળી હતી.

## દિલ્હી નજીક હવે બે નવા શહેરો વિકસાવવામાં આવશે

### નોઈડા અને ગ્રેટર નોઈડામાં જમીનની સંભવિત અછત : આગામી બે શહેરો માટે માસ્ટર પ્લાનને અંતિમ રૂપ આપશે અને જે બાદ તેઓ જમીન ખરીદવાનું શરૂ કરશે

નવી દિલ્હી, તા.૧૯

નોઈડા અને ગ્રેટર નોઈડા ઓથોરિટી આગામી ૩ મહિનામાં ન્યૂ નોઈડા અને ન્યૂ ગ્રેટર નોઈડાની સ્થાપના માટે કામ શરૂ કરશે. તેઓ આગામી બે શહેરો માટે માસ્ટરપ્લાનને અંતિમ રૂપ આપશે. જે બાદ તેઓ જમીન ખરીદવાનું શરૂ કરશે. સીઈઓ રિતુ માહેશ્વરીએ જુલાઈથી કામ શરૂ કરવાની ડેડલાઈન નક્કી કરી છે. બંને શહેરો માટે નોટિફિકેશન પહેલા જ જાહેર કરી ચૂકાયુ છે.

નોઈડા અને ગ્રેટર નોઈડામાં જમીનની સંભવિત અછતના કારણે આ બંને શહેરોને વિકસિત કરવામાં આવી રહ્યા છે. ગ્રેટર નોઈડામાં અમુક જમીન બચી છે, પરંતુ નોઈડા લગભગ સંપૂર્ણ રીતે વિકસિત થઈ ચૂક્યુ છે. રાજ્યના વિકાસને પાટા પર લાવવા માટે અધિકારી આ બંને શહેરોની યોજના બનાવી રહ્યા છે. આ બંને શહેરોમાં જમીનની કિંમતો નોઈડા અને ગ્રેટર નોઈડા કરતા ઓછી હશે. દાદરી અને ખુર્જાની જમીનો વચ્ચે નવુ નોઈડા બનાવવામાં આવશે. દાદરી-નોઈડા-ગાઝિયાબાદ ઈન્વેસ્ટમેન્ટ રીજન જેને ન્યૂ નોઈડા કહેવામાં આવી રહ્યુ છે, ૮૭ ગામમાંથી સંપાદિત જમીનનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે. અધિકારીઓએ સ્કુલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચરને પસંદ કર્યુ છે. સાથે જ આ વિસ્તારને જમીની સ્તરે વિકસિત કરવા માટે નોઈડા ઓથોરિટીને જવાબદારી આપવામાં આવી છે.

ન્યૂ ગ્રેટર નોઈડા ગ્રેટર નોઈડાના ફેઝ ૨ ની યોજના છે. આ પ્રોજેક્ટની દેખરેખ ગ્રેટર નોઈડા ઓથોરિટી કરી રહી છે. તેમણે એક ખાનગી કંપનીને ડ્રાફ્ટ તૈયાર કરવા માટે કહ્યુ છે. ન્યૂ ગ્રેટર નોઈડામાં ગૌતમ બુદ્ધ નગર સિવાય હાપુડ, બુલંદશહર અને ગાઝિયાબાદના ૧૫૦ ગામને સામેલ કરવામાં આવ્યા છે.


ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એક માત્ર સંસ્થા.....

The Right way of Learning the Best Education.....

Infocity JUNIOR SCIENCE COLLEGE & SCHOOL

Since-2004

Secondary & Higher Secondary English & Gujarati Medium School



Infocity School Sargasan
Ta & Dist. Gandhinagar - 382421

6th to 12th (Science)
EnglishMedium
Gujarati Medium
Sargasan Unit
Mo. : 76238 71647
76238 71648
Office Timing : 8am to 2pm



Infocity Complex, Near Gh-0,
Annexe Building, Ganhinagar.

9th to 12th
Only English Medium
Science & Commerce
Gh-0 Unit
Mo. : 93274 35816
Mo. : 63512 90334
Office Timing : 8am to 2pm